**રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મ્યુનીસીપાલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

---

**ફોજદારી કેસ નં.૯૮૨૫/૨૦૨૪**

---

## FORM–A

| **રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનીસીપાલ) (કે.આર.ગાગનાણી) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૧–૮–૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | **૯૮૨૫/૨૦૨૪** |
| **ગુના રજી. નં.** | પ્ર.નગર<br>પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૪૦૨૮૧/૨૦૨૩ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે** | વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એન.ગોસાઈ |
| **આરોપી** | અજીતભાઈ ઈસ્માઈલભાઈ સુમરા<br>રહે.રાજકોટ. |
| **બચાવપક્ષે** | વિધ્વાન વકીલ શ્રી........ |

## FORM–B

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૭–૩–૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૭–૪–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૦–૫–૨૦૨૪ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | –– |
| પુરાવાની શરુઆતની તારીખ | ૯–૪–૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩–૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧–૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | –––– |

–:આરોપીઓની વિગત:–

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજીતભાઇ ઈસ્માઈલભાઇ સુમરા | ૭–૪–૨૦૨૫ | ૭–૪–૨૦૨૫ | ઇ.પી.કોડની કલમ– | | –– | –– |

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪૫૩ મુજબ | | | |

## FORM-C

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી-:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનોપ્રકાર |
|---|---|---|
| PW-1 | આંક-૬ સિધ્ધરાજસિંહ ભુપેન્દ્રસિંહની જુબાની | ફરીયાદી |
| PW-2 | આંક-૯ જયેશભાઇ બાબુભાઇની જુબાની | પંચ |
| PW-3 | આંક-૧૧ પ્રકાશચંદ્ર કરશનદાસની જુબાની | ત.ક.અ. |
| PW-4 | આંક-૧૫ રાજદીપસિંહ કિશોરસિંહની જુબાની | સાહેદ |

(બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | |

(સી).અદાલત દ્રારા.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી-:

(એ). ફરીયાદ પક્ષ.

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદ |
| ૨ | ૮ | રજીસ્ટરની ખરી નકલ |
| ૩ | ૧૦ | પંચનામુ |
| ૪ | ૧૧ | અસલચાદી |
| ૫ | ૧૨ | એફ.આઈ.આર. |

(બી). બચાવ પક્ષ દ્રારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત દ્રારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

## -: ચુ કા દો :-

**ફરીયાદની ટુંકમાં હકીકત:-**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત છે કે,આરોપીએ તા.૭-૩-૨૪ ના રોજ સવારના સાડા દશેક વાગ્યે રાજકોટમા જામનગર રોડ પથીકા આશ્રમની બાજુમા આવેલ મુખ્ય કલાર્કનુ સરકારી કવાર્ટર ગેરકાયદેસર રીતે તેમજ આજુબાજુમા કોઇને જાણ ના થાય તેવી છુપી રીતે આવીને ગુપ્ત અપ-પ્રવેશ કરી આઇ.પી.સી.ની કલમ-૪૫૩ મુજબનો ગુનો કરતા તેઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ દાખલ કરી, તપાસ બાદ તપાસ કરનાર અમલદારે નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.

**ચાર્જશીટ દાખલ થયા બાદની કાર્યરિતી:-**

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot

(૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતાં, સંહિતાની કલમ−૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ−૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા, પરંતુ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા ન હોય તેઓ સામે ક્રિ.પ્રો.કોડની કલમ−૨૯૯ મુજબનો હુકમ કરી કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>ફરીયાદી તથા આરોપી પક્ષેનો પુરાવો:−</u>**

(૩) ફરીયાદ પક્ષ તરફે તેઓ કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ સી મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે તેમજ આ કામે આરોપી પક્ષ દ્રારા કોઈ પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી.

**<u>આરોપીનું વિશેષ નિવેદન:−</u>**

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી નામ.કોર્ટમા હાજર રહેતા ન હોય તેઓ નું સંહિતાની કલમ−૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધાયેલ નથી.

**<u>ફરીયાદી અને આરોપીની દલીલો:−</u>**

(૫) ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, તમામ સાહેદો તથા ફરીયાદી તથા પંચોની જુબાની ધ્યાને લેતા તથા રજૂ કરેલા દસ્તાવેજો ધ્યાને લેતા ફરીયાદ મુજબની હકીકત મુજબનો ગુનો સાબિત થાય છે. અને તહોમતનામા મુજબના આક્ષેપો નિ:શંક પણે સાબીત કરેલ છે.

આરોપી તરફે કોઇ હાજર નથી.

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot

**મુદાઓ:–**

(૬) કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરાવાર કરે છે કે, આરોપીએ તા.૭–૩–૨૪ ના રોજ સવારના સાડા દશેક વાગ્યે રાજકોટમા જામનગર રોડ પથીકા આશ્રમની બાજુમા આવેલ મુખ્ય કલાર્કનુ સરકારી કવાર્ટર ગેરકાયદેસર રીતે તેમજ આજુબાજુમા કોઇને જાણ ના થાય તેવી છુપી રીતે આવીને ગુપ્ત અપ–પ્રવેશ કરી આઇ.પી.સી.ની કલમ–૪૫૩ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે? | નકાર માં |
| ૨. | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

**મુદા નં.૧ અને ૨ ના નિર્ણયના કારણો**

(૭) ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતો તથા દલીલોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા/પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે. આરોપીઓ વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૫૩ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપીઓ વિરુદ્ધનુ તહોમત વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે. જે ગુના ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહીતાની કલમ–૪૫૩ ના આવશ્યક તત્વો જોઈએ તો**

ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ અથવા ઘરફોડ માટે સજા પહેલા હિસ્સા માટેના તત્વો

૧. કોઈ મિલકત પર અનધિકૃત પ્રવેશ કરવામાં આવ્યો

૨. આ પ્રવેશ કલમ ૪૪૨ માં દર્શાવ્યા મુજબના ગૃહપ્રવેશને લગતો હતો.

૩. કરવામાં આવેલો અનધિકૃત ગૃહપ્રવેશ વિશિષ્ટ પ્રકારનો હતો એટલ કે તેવો ગૃહપ્રવેશ ગુપ્ત રાખવા માટે સાવચેતી રાખીને કરવામાં આવ્યો હતો.

૪. અનધિકૃત પ્રવેશ કરનારને આવવા ન દેવાનો અથવા મિલકત પરથી કાઢી મૂકવાનો કે દૂર કરવાનો જેને અધિકાર હોય તેવી વ્યકિતથી ગુ પ્ત રાખવા માટે સાવચેતી રાખવામાં આવી હતી.

બીજા હિસ્સા માટે નીચે મુજબનાં તત્વો છે.

૧. આરોપીએ અનધિકૃત ગૃહપ્રવેશ કર્યો

૨. આરોપીએ આવો ગૃહપ્રવેશ

ક. મદદગારે કરેલા રસ્તા વાટે કર્યો અથવા

ખ. અવર જવર માટે વપરાતો ન હતો તેવા માર્ગથી કર્યો અથવા કોઈ પણ પ્રકારે મકાન પર ચડીને કર્યો અથવા

ગ. મકાનના કબજેદારે જે સાધનથી ખોલવા ન ધાર્યો હોય તેવા સાધનનો ઉપયોગ કરીને ખોલેલા માર્ગથી કર્યો અથવા

ઘ. કોઈ તાળું તોડીને કે ખોલીને કર્યો, અથવા

ચ. ગુન્હાહિત બળ કે હુમલો કે ધમકી આપીને કર્યો અથવા જે માર્ગ બંધ કરવામાં આવ્યો હતો તે માર્ગથી કર્યો

હાલના ચુકાદામાં ઉપરોકત આવશયક તત્વો ધ્યાનમાં રાખી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ.

(૮) ભારતીય પુરાવા ધારાની કલમ–૩ તથા કલમ–૧૬૫ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧થી કલમ–૧૧૫ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ–૩માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના–સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીઓપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદપક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો કેસ સાબિત થાય નહિ અને જેથી ફરિયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા અંગે સાબિતીનો ભાર હંમેશા ફરિયાદપક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપીઓપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીઓપક્ષે ઈન્ડિયન પીનલ કોડની કલમ–૭૬થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી

ભારતીય પુરાવા ધારાની કલમ–૦૩, ૧૦૧થી ૧૧૫ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે.

*નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,*

*The Court Must Bear In Mind The Set Up And The Circumstances In Which The Crime Is Committed, The Quality Of Evidence, Nature And Temperament Of The Witnesses, The Level Of Understanding And Power Of Perception And Examination Of Individual Witness And Probability In Ordinary Course Of Nature About The Act Complained Of As Might Have Been Witnessed By The Witnesses.*

૧. ફરીયાદપક્ષે રજુ પુરાવાની હકીકત જોતા હાલના કામે સૌપ્રથમ આંક–૬ થી ફરીયાદી સિધ્ધરાજસિંહ ભુપેન્દ્રસિંહની જુબાની મા તેઓએ જણાવેલ છે કે હાલમાં અમો સિનીયર કલાર્ક તરીકે ડી.જી.પી. ઓફિસ ગાંધી નગર મુકામે ફરજ બજાવીએ છીએ. મારી ફરજનાં ભાગ રૂપે અમારી કચેરી તરફથી સરકારી નોકરીયાતોને ફાળવવામાં આવેલ સરકારી આવાસ જે રહેણાંક હોય જે બિન રહેણાંક મકાન ખાલી ચેક કરવાની કામગીરી પણ મારા ભાગે આવે છે. કહેવાતો બનાવ તા.૦૭/૦૪/૨૦૨૪ નાં રોજ બનેલો હતો અને આ તારીખથી એક મહિના પહેલાં જામનગર રોડ પથીકા આશ્રમની સામે આવેલ અમારી કચેરી એટલે કે પોલીસ મહા નિરીક્ષકની કચેરી રાજકોટ વિભાગ મુખ્ય કલાર્કનું સરકારી કવાર્ટર આવેલ છે અને મેં મારી ફરજનાં

ભાગ રૂપે તે મેં ચેક કરેલ જે સરકારી ક્વાર્ટર ઉપર અમારી ઓફિસનું તાળુ લાગેલ હતું અને ઓફિસનું બોર્ડ પણ લાગેલ હતું જે સવારનાં આશરે સાડા દશેક વાગ્યાનાં અરસામાં હું ત્યાંથી પસાર થતાં પોલીસ વિભાગની જગ્યા જે અમારી કચેરી ધ્વારા લગાવેલ તાળું તથા બોર્ડ જોવામાં આવેલ નહીં જેથી હું ક્વાર્ટરમાં તપાસ કરવા ગયેલ અને ત્યાં મેં જોયું તો ત્યાં એક ખુરશી તથા પાણીનું માટલું જોવામાં આવેલ આથી અમારી કચેરી અધિક્ષક રાજદિપસિંહને ટેલીફોનીક જાણ કરેલ જેથી તેઓએ મને આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ ત્યાર બાદ હું ત્યાંથી નિકળી પ્રધ્યુ મન નગર પોલીસ સ્ટેશન તરફ જતો હતો ત્યારે કોઈ એક ભાઈ સામેથી મળવા આવેલા અને અમોને જણાવેલ કે, આ તાળું મેં તોડેલ છે અને તાળું તોડવા બાબતે મેં તેઓને પુછતાં તેણે જણાવેલ કે, મારા સસરા ઘણાં વર્ષોથી અહીં રહેતા હતા અને ક્વાર્ટરનો કબ્જો તેનો છે તેવું જણાવેલ જેથી મેં તે ઈસમનું નામ પુછતાં પોતે પોતાનું નામ અજીતભાઈ ઈસ્માઈલભાઈ સુમરા, રહે.રાજકોટનાં રહેવાસીનું હોવાનું જણાવેલ હતું જેથી આ અજીતભાઈએ અમારી કચેરીનાં ક્વાર્ટરમાં ગેરકાયદેસર રીતે આજુબાજુનાં કોઈને જાણ ન થાય તે રીતે આવીને અપપ્રવેશ કરેલ હોય જેથી મેં હાલનાં બનાવની ફરીયાદ આપેલી હતી આરોપી અજીતભાઈને હું ઓળખું છું જે આજરોજ અદાલતમાં હાજર નથી જો હાજર હોય તો હું તેને ઓળખી બતાવું. મને નામ. કોર્ટની ફાઈલમાંથી આરોપીનું ચહેરા નિશાન પત્રક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે તે જ છે. આજરોજ હું મારી સાથે અમારી ઓફિસમાં રહેતું અસલ બિલ્ડીંગ રજીસ્ટર મારી સાથે લાવેલ છું જે રજીસ્ટર મુજબ સદરહું મકાન પી.આર.બી.૯/૫૧ થી મકાનનો નંબર પાડવામાં

આવેલ જે મકાન આર.એન્ડ બી. ધ્વારા પાડવામાં આવેલ હતું આરોપી હાજર ન હોય તેઓની સામે ક્રી.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તેઓની ઉલટતપાસ નથી.

૨. ત્યારબાદ હાલના કામે આંક–૯ સાહેદ જયેશભાઇ બાબુભાઇની જુબાની મા તેઓએ જણાવેલ છે કે આજથી આશરે એકાદ વર્ષ પહેલાં હું મારી રીક્ષા લઈને જતો હતો ત્યારે એસ.ઓ.જી.પોલીસ ચોકીની સામે પોલીસે મને પંચ માં રહેવા માટે બોલાવેલ હતો જયાં બે ત્રણ પોલીસવાળા તથા તેની સાથે એક ભાઈ હાજર હતા જેનું નામ હાલ મને યાદ નથી અને તે હાજર ભાઈએ આ મકાનમાં તાળા તુટેલ હોય અને તેઓ આગળ ચાલી આ મકાન બતાવેલ હતું જેનું પંચનામું મારી હાજરીમાં પોલીસે કરેલું અને આ જગ્યા મેં જોયેલ અને પંચનામું થયા બાદ પોલીસે મારી તેમાં સહી લીધેલી હતી આ પંચ નામું કર્યુ ત્યારે કોઈ હસમુખભાઈ પણ ત્યાં હાજર હતા. આરોપી તર્ફે સી.આર.પી.સી. –૨૯૯ મુજબ હુકમ થયેલ ઉલટ તપાસ નથી.

૩. ત્યારબાદ હાલના કામે આંક–૧૧ ત.ક.અ.પ્રકાશચંદ્ર કરશનદાસની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે હાલમાં અમો ટ્રાફીક શાખા રાજકોટમાં પી.એસ.આઈ. તરીકે અમારી ફરજ બજાવીએ છીએ. અમો ગઈ તા. ૦૭/૦૪/૨૦૨૪ નાં રોજ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હતા તે દરમ્યાન અમારી પાસે સિધ્ધરાજસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલ રૂબરૂ આવી અમારી રૂબરૂ પોતાની વિગતવારની ફરીયાદ આપતાં અમોએ તેઓનાં નોંધાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ મને આંક–૭ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું આથી સદર ફરીયાદ અન્વયે પ્ર.નગર પી.એસ.ઓ.ને ગુન્હો દાખલ કરવા સારૂ યાદી કરેલ આથી પી.એસ.ઓ.એ સદરહું ગુન્હો ગુન્હા રજી.નં.૦૨૮૧/૨૦૨૪ થી એફ.આઈ.આર. દાખલ કરેલ ફરજ પરનાં પી.એસ.ઓ. એ આ ગુન્હાની તપાસ અમારા તરફ રવાના કરતાં

અમોએ તા.૦૭/૦૪/૨૪ નાં રોજ બનાવવાળી જગ્યાનું પંચનામું બે પંચો જયેશ બાબુભાઈ પરમાર તથા હસમુખભાઈ રાણા ની રૂબરૂમાં તેઓનાં જણાવ્યા અને જોયા મુજબનું તૈયાર કરેલ જે બનાવવાળી જગ્યા સિધ્ધરાજસિંહ ગોહિલે બતાવેલ હોય જેનું ચર્તુદિશા સહિતનું પંચનામું તૈયાર કરેલ ત્યાર બાદ બનાવમાં સાહેદોનાં નિવેદનો તેઓનાં નોધાવ્યા મુજબનાં નોંધી કામમાં સામેલ રાખેલ અને તપાસનાં કામે આરોપી અજીતભાઈ ઈસ્માઈલભાઈ સુમરા મળી આવતાં તેઓને તા.૦૭/૦૪/૨૪ નાં રોજ સી.આર.પી.સી. કલમ–૪૧ ની નોટીસ આપવામાં આવેલ અને પુરી તપાસનાં અંતે રાજકોટમાં જામનગર રોડ પથીકા આશ્રમની બાજુમાં આવેલ મુખ્ય કલાર્કનું સરકારી કવાર્ટર ગે.કા. તેમજ આજુબાજુમાં કોઈને જાણ ન થાય તેવી છુપી રીતે આવીને આ કવાર્ટરમાં ગુન્હાઈત ગુપ્ત અપ પ્રવેશ કરેલ હોવાનો પુરતો પુરાવો મળી આવતાં તેઓનાં વિરૂઘ્ધ હાલનું ચાર્જશીટ કમીટ કરેલ મને આંક–૧ વાળું ચાર્જશીટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખું છું. આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામ. અદાલતમાં હાજર નથી જો હાજર હોય તો હું તેને જોયે ઓળખી બતાવું મને આરોપીનું ચહેરા નિશાન પત્રક બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે આજ છે. આરોપી તર્ફે સી.આર.પી.સી. –૨૯૯ મુજબ હુકમ થયેલ ઉલટ તપાસ નથી.

૪. ત્યારબાદ આંક–૧૫ સાહેદ રાજદીપસિંહ કિશોરસિંહની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે હું ઉપરોકત બતાવેલ સરનામે રહું છું અને એસ.આર.પી. ગ્રુપ–૧૭ ચેલા ગામ ખાતે હેડ કલાર્ક તરીકે મારી ફરજ બજાવું છું. ગઈ તા. સને–૨૦૨૪ ની સાલમાં અમો રાજકોટ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીમાં સિનીયર કલાર્ક તરીકે મારી ફરજ બજાવતો હતો અને તે વખતે મારી સાથે સિધ્ધરાજસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલ ફરજ બજાવતા હતા અને કહેવાતા બનાવ અંગે સિધ્ધરાજસિંહનો મને ફોન આવેલ અને કહેલ કે, જામનગર રોડ પથીકા આશ્રમની બાજુમાં અમારી કચેરી હસ્તકનું મુખ્ય કલાર્કનું સરકારી બંધ કવાર્ટર આવેલ છે ત્યાંથી તે નિકળેલ હોય અને તે

કવાર્ટરને ચેક કરવા માટે ગયેલા ત્યારે આ કવાર્ટર ઉપર સરકારી તાળું લગાવેલ હતું અને ઓફિસનું બોર્ડ પર લાગેલ હતું પરંતુ કચેરી ધ્વારા પોલીસ વિભાગની જગ્યા અંગેનું બોર્ડ જોવા મળેલ નહીં જેથી તે કવાર્ટરમાં તપાસ કરવા માટે ગયેલા અને ત્યાં જોયું તો પાણીનું માટલું તથા ખુરશીઓ જોવા મળેલી તેવી મને વાત કરતા મેં તેને કહેલ કે, આ બાબતે હું કચેરીના જવાબદાર અધિકારીને જાણ કરૂં છું બાદમાં મેં સિધ્ધરાજસિંહને વાત કરેલ કે, કચેરીનાં ઉપલા અધિકારીએ જણાવેલ છે કે, આ બાબતેની કાયદેસરની ફરીયાદ દાખલ કરો બાદમાં સિધ્ધરાજસિં હે મને જણાવેલ કે, ફરી પાછા તેઓ કવાટરે ગયેલા ત્યારે જે વ્યક્તિએ આ કવાર્ટરને તાળું મારેલું હતું તે ત્યાં હાજર હતો જેનું નામ અજીતભાઈ સુમરા હોવાનું જણાવેલ અને કહેલ કે, મારા સસરા અગાઉ અહીં રહેતા હતા જે ગુજરી ગયેલ છે જેથી સામાન રાખી તાળું મારી દીધેલ છે આથી હાલનાં બનાવની સિધ્ધરાજસિંહે ફરીયાદ આપેલી. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીને મેં પોલીસ સ્ટેશને જોયેલા. જે આજરોજ નામ. અદાલતમાં હાજર નથી જો હાજર હોય તો હું તેને જોયે ઓળખી બતાવું. મને આરોપીનું ચહેરા નિશાન પત્રક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે આજ છે. આરોપી તર્ફે સી.આર.પી.સી. –૨૯૯ મુજબ હુકમ થયેલ ઉલટ તપાસ નથી.

**<u>પુરાવાનુ મુલ્યાંકન</u>**

(૮) આમ ઉપરોકત તમામ પુરાવાઓનુ મુલ્યાંકન કરીએ તો હાલના કામે પંચ, ફરીયાદી, પોલીસ સાહેદ અને તપાસ કરનાર અમલદારની જુબાની થયેલ છે. હાલના કામે પંચની જુબાની વંચાણે લેવામા આવે તો તેઓની જુબાનીમાથી હાલના આરોપી વિરૂધ્ધ કોઈ ચોક્કસ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ત્યારબાદ ફરીયાદી તેમજ તપાસ કરનાર અમલદાર અને પોલીસ સાહેદ તેઓની જુબાનીમા ફરીયાદને અનુરૂપ હકીકત જુબાનીમા જણાવે છે. પરંતુ સદર તમામ સાહેદો પોલીસ સાહેદો હોય તેઓની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનુ જુબાનીથી કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

વધુમા હાલના કામે જે જગ્યા પર આરોપીએ અપ–ગૃહ પ્રવેશ કરેલ છે તે જગ્યા રહેણાંક જગ્યા હોય ત્યા આજુબાજુમા રહેતા અન્ય કોઈ લોકોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમા હાલના કામે રજુ તમામ પુરાવાની હકીકત જોતા તેમા પોલીસ સાહેદોની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહોદોની જુબાનીથી સમર્તન પ્રાપ્ત થયેલ નથી. વધુમા હાલના કામે આરોપી મળી આવતા નથી. હવે ભવિષ્યમાં કોઈ લેખીત કે મૌખીક પુરાવો રજુ થઈ શકે તેમ જણાતુ નથી, અને ભવિષ્યમાં પુરાવાઓ ઉપલબ્ધ થઈ શકે તેવી શકયતા નથી. જે તમામ હકીકત ધ્યાને રાખતા મુદાનં.૧ નો નિર્ણય નકારમા આપી મુદાનં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– આ ખ રી હુ ક મ –

(૧) આ કામના આરોપીને ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૩ મુજબના ગુનામા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપી સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તેઓની ગેરહાજરીમા કેસ પુરો કરેલ છે.

હુકમ આજ તા.૧૧–૮–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧–૮–૨૦૨૬ (કમલેશકુમાર રમેશભાઈ ગાગનાણી)
રાજકોટ કોડ નં.જીજે.૦૧૬૮૭
જયુડી. મેજી. ફ. ક. (મ્યુનિ.) રાજકોટ

K.R.Gagnani

Judicial Magistrate F.C.(Municipal) Rajkot